અપીલ અરજી નં.૬૭૪ તા.૨૯ –૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પરમાનંદ ખુશાલદાસ કીકલા
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરમાનંદ ખુશાલદાસ કીકલાની તા. ૨૭–૧–૧૨ની અરજીથી ટીપી સ્કીમ નં. ૪ (અશ્વની કુમાર–નવાગામ) ફા.પ્લોટ નં. ૮૦ સબ–પ્લોટ નં. ૧ અને ૨માં બાંધકામ માટે સુરત મહાનગરપાલિકા દ્રારા અપાયેલી વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ ડીપી/૨૭૬ તા. ૧૬–૧–૦૯ અન્વયે કહેવાતી બાંધેલી ઈમારત અંગે મુદ્દા નં.(૧) મજકુર ઈમારતોના વપરાશ ભોગવટા માટે બીપીએમસી એકટ, ૧૯૪૯ની કલમ ૨૬૩ અન્વયે ઈમારતનું બાંધકામ પૂરું થયાની લેખિત નોટીસ આપની કચેરીને આપી છે કે નહીં ? તેની વિગત આપો જો તેવી નોટીસ આપી હોય તો તેની નકલ આપશો. વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.**

**સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૨–૧૨ ની SMC/FAP/ નં.૬૭૪/૨૦૧૧–૧૨**

શ્રી પરમાનંદ ખુશાલદાસ કીકલાની તા. ૨૭–૧–૧૨ની અરજીથી ટીપી સ્કીમ નં. ૪ (અશ્વની કુમાર–નવાગામ) ફા. પ્લોટ નં. ૮૦ સબ–પ્લોટ નં. ૧ અને ૨ માં બાંધાકામ માટે સુરત મહાનગરપાલિકા દ્રારા અપાયેલી વિકાસ પરવાનગી નં.ટીડીઓ/ડીપી/૨૭૬ તા. ૧૬–૧–૦૯ અન્વયે કહેવાતી બાંધેલી ઈમારત અંગે મુદ્દા નં.(૧) મજકુર ઈમારતોના વપરાશ ભોગવટા માટે બીપીએમસી એકટ,૧૯૪૯ની કલમ ૨૬૩ અન્વયે ઈમારતનું બાંધકામ પૂરું થયાની લેખિત નોટીસ આપની કચેરીને આપી છે કે નહીં ? તેની વિગત આપો જે તેવી નોટીસ આપી હોય તો તેની નકલ આપશો. વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૨–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૧૬ તા. ૧૭–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી તે પછી નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/આ.નં./૯૭૬ તા. ૨૬–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતીના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/આ.નં./૯૭૬ તા. ૨૨–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૨૭–૧–૧૨ની અરજીથી ટીપી સ્કીમ નં. ૪ (અશ્વની કુમાર–નવાગામ) ફા. પ્લોટ નં. ૮૦ સબ–પ્લોટ નં. ૧ અને ૨ માં બાંધકામ માટે સુરત મહાનગરપાલિકા દ્રારા અપાયેલી વિકાસ પરવાનગી નં.ટીડીઓ/ડીપી/૨૭૬ તા. ૧૬–૧–૦૯ અન્વયે કહેવાતી બાંધેલી ઈમારત અંગે મુદ્દા નં.(૧) મજકુર ઈમારતોના વપરાશ ભોગવટા માટે બીપીએમસી એકટ,૧૯૪૯ની કલમ ૨૬૩ અન્વયે ઈમારતનું બાંધકામ પૂરું થયાની લેખિત નોટીસ આપની કચેરીને આપી છે કે નહીં ? તેની વિગત આપો જે તેવી નોટીસ આપી હોય તો તેની નકલ આપશો. (૨) મજકુર ઈમારતોના વપરાશ ભોગવટા માટે બીપીએમસી એકટ–૧૯૪૯ની કલમ–૨૭૩ માં જણાવેલ પેટા કાયદાથી ઠરાવેલા નમુનામાં અને ઠરાવ્યા પ્રમાણે સહી કરેલું પ્રમાણપત્ર મોકલ્યું હોય તો તેની નકલ આપશો. (૩) મજકુર ઈમારતોના વપરાશ ભોગવટા માટે બીપીએમસી એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૩ અન્વયે કમિશ્નરે ઈન્સ્પેકશન કર્યુ/ કરાવ્યું હોય તો તેની વિગત આપશો. ઈન્સ્પેકશન નોંધ સાથેના રીપોર્ટની નકલ આપશો. (૪) જો કમિશ્નરે મજકુર ઈમારતોના વપરાશ ભોગવટાની પરવાનગી

બીપીએમસી એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૩ અન્વયે આપી ન હોય તો કલમ–૨૬૮ અન્વયે તે ઈમારતોના વપરાશ ભોગવટો બંધ કરાવવા અને મિલકતો સીલ કરાવવા કરેલી કાર્યવાહીની માહિતી આપશો. આવી ઈમારતો સીલ કરી હોય તો તે સીલ કરવાની કાર્યવાહીની વિગતવાર માહિતી આપશો. (૫) મજકુર ઈમારતોમા બીપીએમસી એકટ– ૧૯૪૯ની કલમ–૨૬૮ અન્વયે ગેરકાયદેસર વપરાશ ભોગવટા બંધ કરાવવા અને તે ખાલી કરાવવાની કોઈ કાર્યવાહીમાં કોઈ હરકત–રેઝીસ્ટન્સ કે ઓબ્સ્ટ્રકશન થયેલ છે કે નહી તેની માહિતી આપશો. જો આવું હરકત–રેઝીસ્ટન્સ કે ઓબ્સ્ટ્રકશન થયું હોય તો પોલીસ બળની મદદ મેળવેલ હતી કે નહીં ? તેની માહિતી આપશો. તેવી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને સંબોધતી વરાછા ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય ન મળતા અરજદારે તા. ૨૯–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને અત્રેથી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૭૬ તા. ૨૨–૩–૧૨થી "માંગેલી માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ. જે અંગે સંબંધિત કર્મચારી સતત ઝુંપડપટ્ટી સિફટીંગ કામમાં રોકાયેલ હોય, જવાબ આપવામાં વિલંબ થયેલ હોવાનું પણ જણાવેલ. આમ, અરજદારને વિલંબથી માહિતી પુરી પડાયેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો વિકાસ પરવાનગી નોંધણી રજીસ્ટરની તપાસણી અંગે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી ચકાસણી કરી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૯–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૩–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહે નહીં તેમ છતાં જે માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે તે અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭માં આગોતરો સંપર્ક કરી બાંધકામ વિકાસ પરવાનગી રજીસ્ટરની તથા ગેરકાયદેસર બાંધકામ ફરીયાદ રજીસ્ટર સાથે લાગત દફતરની તપાસણી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે દિન–૭ માં અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– વરાછાઝોન .... જાણ તથા અમલ માટે
(૨)શ્રી શ્રી પરમાનંદ ખુશાલદાસ કીકલા,